ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



## સંક્ષિપ્ત સમાચાર

### હાલોલમાં તિરંગાયાત્રા યોજાઇ, નગરજનો અને શાળાના બાળકોમાં ઉત્સાહ છલકાયો



**હાલોલ :** દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની રાષ્ટ્રપ્રેમની હાકલને સાકાર કરવાના દ્રઢ સંકલ્પ સાથે આજે ગુરુવારના રોજ હાલોલ નગર અને તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા એક ભવ્ય 'તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. વરસતા વરસાદ વચ્ચે પણ નગરજનો અને શાળાના બાળકોમાં દેશભક્તિનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ મહા તિરંગા યાત્રાનો પ્રારંભ હાલોલ વી.એમ. કોલેજ ખાતેથી થયો હતો, જે નગરના વિવિધ માર્ગો પર ફરીને મહારાણા પ્રતાપ ચોક ખાતે સંપન્ન થઈ હતી.

### વેલપુરાથી ઝાલોદ દશામાંની ઉંટ પર સવાર માતાજીની મૂર્તિ સાથે પદયાત્રા યોજાઇ



**દાહોદ :** ઝાલોદ તાલુકામાં પવિત્ર માં દશામાના વ્રતની બુધવારથી શ્રદ્ધાભેર શરૂઆત થતાં જ સમગ્ર પંથકમાં ભક્તિભાવના પૂર ઉમટયા છે. આસ્થા અને પરંપરાના અદ્ભુત સમન્વય સમાન એક દ્રશ્ય ઝાલોદ તાલુકાના આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં જોવા મળ્યું હતું, જયાં ગ્રામજનો દ્વારા એક ભવ્ય અને પ્રેરણાદાયી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. હિન્દુ ધર્મમાં દશામાનું વાહન ઉંટ માનવામાં આવે છે, ત્યારે આ જ પરંપરાને સાર્થક કરતા ગ્રામજનોએ શોભાયાત્રામાં ગામની એક યુવતીને માં દશામાનું દિવ્ય સ્વરૂપ ધારણ કરાવીને ખાસ ઉંટ ઉપર બિરાજમાન કરી હતી. ઉંટ પર સવાર માતાજીના આ સ્વરૂપના દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

### કાલોલ સિદ્ધનાથ મહાદેવ મંદિરમાં સાહિત્યકાર ડૉ પ્રવીણ દરજીના પુસ્તકનું વિમોચન કરાયું



**કાલોલ :** જાણીતા સાહિત્યકાર પદ્મ શ્રી ડૉ પ્રવીણ દરજીના ૧૫૬ માં પુસ્તક "બુઝતો સુરજ" નામના પુસ્તકનું વિમોચન આજ રોજ કાલોલ સિદ્ધનાથ મહાદેવ મંદિરમાં કરવામાં આવ્યુ હતુ કાલોલના કેળવણીકાર મહેન્દ્રભાઈ વ્યાસને આ પુસ્તક અર્પણ કરવામાં આવ્યુ હતુ અને પ્રસ્તાવના પણ લખવામાં આવી હતી. કાલોલ શહેરના પ્રબુદ્ધ નાગરીકો અને મહેન્દ્રભાઈ વ્યાસના કુટુંબીજનો અને શુભેચ્છાકોની હાજરીમાં કાર્યક્રમ યોજાયો હતો આ પ્રસંગે મહેન્દ્રભાઈ વ્યાસે ડૉ પ્રવીણ દરજીનો આભાર વ્યક્ત કર્યો હતો અને તેઓ સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા. પોતાના ઉદ્બોધનમાં ડો પ્રવીણ દરજી દ્વારા પોતાના કાલોલ, મહેલોલ,સાથેના અનુભવો સ્મરણોનો ઉલ્લેખ કર્યો હતો.

### પવિત્ર શ્રાવણ માસના પ્રારંભે હાલોલના શિવ મંદિરો 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજ્યાં



**હાલોલ :** હિન્દુ ધર્મમાં અત્યંત પવિત્ર અને મહત્ત્વપૂર્ણ ગણાતા શ્રાવણ માસનો શુભ પ્રારંભ થયો છે. ભગવાન શિવને સમર્પિત આ પવિત્ર માસના પ્રથમ દિવસે જ હાલોલ શહેર અને આસપાસના તમામ શિવ મંદિરોમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો છે. વહેલી સવારથી જ શિવ મંદિરો "હર હર ભોલે" અને "ઓમ નમઃ શિવાય"ના નાદ થી ગુંજી ઊઠ્યા છે. શ્રાવણ માસનું હિન્દુ ધર્મમાં વિશેષ મહત્ત્વ રહેલું છે અને આ આખો મહિનો મહાદેવની આરાધના માટે ઉત્તમ માનવામાં આવે છે. આજે શ્રાવણ માસના પ્રારંભે હાલોલના તમામ શિવ મંદિરોમાં શિવભક્તોની ભારે ભીડ ઉમટી પડી છે. શિવજીને પ્રસન્ન કરવા અને તેમની કૃપા પ્રાપ્ત કરવા માટે ભક્તોએ શિવલિંગ પર દૂધ, પવિત્ર જળ, બિલિપત્ર અને ફળો અર્પણ કરી પૂજા-અર્ચના કરી છે અને જળાભિષેક કરીને ધન્યતા અનુભવી રહ્યા છે.

---

#### લીમખેડા-મંગલ મહુડી વચ્ચે ટ્રેન અકસ્માતમાં ગોઝારી ઘટના બની

# સુપરફાસ્ટ ટ્રેનમાંથી યુવક પટકાતા મોત, રેલવેનો OHE વાયર તૂટતાં રેલવે વ્યવહાર ખોરવાયો

### સાબરમતી ટ્રેનનો પેન્ટોગ્રાફ ફસાયો; અનેક ટ્રેનો મોડી પડી



(પ્રતિનિધી) દાહોદ, તા.13
પશ્ચિમ રેલવેના રતલામ મંડળ હેઠળ લીમખેડા અને મંગલ મહુડી વચ્ચે ગઈકાલે રાત્રે ગંભીર અકસ્માત સર્જાયો હતો. સુપરફાસ્ટ ટ્રેનમાંથી એક યુવક નીચે પટકાતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજયું હતું. અકસ્માત બાદ યુવકનો મૃતદેહ ઈલેક્ટ્રિક પોલ સાથે અથડાયો હતો અને તેના શરીરનો એક ભાગ ઉપરથી પસાર થઈ રહેલા ઓવરહેડ ઈલેક્ટ્રિક (OHE) વાયર સાથે અથડાતાં OHE વાયર તૂટી ગયો હતો.OHE વાયર તૂટી જતાં આ રૂટ પરથી પસાર થઈ રહેલી સાબરમતી ટ્રેનનો પેન્ટોગ્રાફ પણ તેમાં ફસાઈ ગયો હતો, જેના કારણે ટ્રેનને નિર્ધારિત સમય કરતાં વધુ સમય સુધી રોકાવું પડયું હતું. ઘટનાની અસર ડાઉન લાઈન પર જોવા મળી હતી અને અનેક ટ્રેનો મોડી પડી હતી.

ઘટનાની જાણ થતાં જ રેલવે તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ગુજરાત રેલવે પોલીસ (GRP) તેમજ રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)ના અધિકારીઓ અને કર્મચારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. રેલવે તંત્ર દ્વારા કામગીરી તથા ટ્રેન વ્યવહારને સામાન્ય કરવા માટે કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મૃતક યુવક વડોદરાના છાયાપુરીથી ઉત્તર પ્રદેશ જવા માટે ટ્રેનમાં સવાર થયો હતો.

તેનો ભાઈ તેને ટ્રેનમાં બેસાડયા બાદ ઘરે પરત ફર્યો હતો. અકસ્માત બાદ મૃતક પાસેથી મળેલી વિગતોના આધારે પોલીસે તેના પરિવારજનોનો સંપર્ક કરી મૃતકની ઓળખ અંગે તપાસ હાથ ધરી હતી.દરમિયાન ઘટનાની ગંભીરતાને પગલે રતલામ મંડળમાંથી ઉચ્ચ અધિકારીઓ પણ દાહોદ પહોંચ્યા હતા અને સમગ્ર બનાવ અંગે તપાસ હાથ ધરી હતી. બીજી તરફ ગુજરાત રેલવે પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડયો હોવાનું જાણવા મળ્યું છે. જોકે આ સમગ્ર બનાવને પગલે લીમખેડા-મંગલ મહુડી વચ્ચેના રેલવે રૂટ પર થોડા સમય માટે ટ્રેન વ્યવહારને અસર પહોંચી હતી.

---

### પીપલોદ ગ્રામ પંચાયતના રુદ્રા કોમ્પ્લેક્સ મામલે સવાલોનો સિલસિલો ચાલ્યો




દાહોદ : પીપલોદ ગ્રામ પંચાયતમાં છેલ્લા 15 વર્ષથી ચાલી રહેલા શાસન દરમિયાન ગામમાં બનેલા રુદ્રા કોમ્પ્લેક્સને લઈને ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ કોમ્પ્લેક્સની 60 જેટલી દુકાનો પાસેથી દુકાનદીઠ રૂ.2,000 મુજબ કુલ રૂ.1.20 લાખની રકમ થતી હોવાનો હિસાબ સામે આવે છે. પરંતુ અરજદારનો આક્ષેપ છે કે પંચાયત દ્વારા તેની પાસેથી રૂ.3 લાખનો ચેક માંગવામાં આવ્યો હતો અને તેણે તે ચેક આપવો પડ્યો હતો. અરજદારના જણાવ્યા મુજબ આ મામલે તેની પાસે રહેલા પુરાવા વારંવાર પંચાયતમાં રજૂ કરી ન્યાયની માંગ કરવામાં આવી છે.

---

#### પાલિકાની ઘોર લાપરવાહીથી અકસ્માતનો ભય

# ગોધરામાં તિરંગા યાત્રા દરમિયાન પશુઓનો આતંક

### પીસીઆર વાન આગળ પશુ આવી જતા ફરજ પરના ટ્રાફિક જવાનને લાકડી વડે હાંકી કાઢવાની ફરજ પડી



(પ્રતિનિધી) ગોધરા, તા.13
રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે ૧૩ ઓગસ્ટના રોજ ગોધરામાં સાંજે ૪ કલાકે પોલીસ પરેડ ગ્રાઉન્ડથી રામ સાગર તળાવ સુધી એક વિશાળ તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં જિલ્લા વહીવટી તંત્રના તમામ ઉચ્ચ અધિકારીઓ, પોલીસ વિભાગ, સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા. જોકે, આટલા મોટા આયોજન અને વીઆઈપીઓની હાજરી વચ્ચે પણ નગરપાલિકા મુખ્ય માર્ગો પરથી પશુઓ હટાવવામાં સદંતર નિષ્ફળ રહી હતી.જેનો જીવંત નજારો રેલી દરમિયાન વાહન આગળ પશુ આવી જવાના રૂપમાં જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ગોધરા શહેરમાં છેલ્લા કેટલાય સમયથી ઠેર-ઠેર રખડતા પશુઓનો આતંક માઝા મૂકી રહ્યો છે, પરંતુ નગરપાલિકા તંત્ર જાણીજોઈને આંખ આડા કાન કરી રહ્યું છે.

---

### ગોધરાના વિંઝોલ ગામમાં વીજ કરંટથી ભેંસનું મોત



(પ્રતિનિધી) ગોધરા, તા.13
ગોધરા તાલુકાના વિંઝોલ ગામના નવાધરા ફળિયામાં રહેતા અને ખેતી તથા પશુપાલનનો વ્યવસાય કરતા ૫૦ વર્ષીય ભલાભાઈ ડાહ્યાભાઈ ચૌહાણ ૧૨ ઓગસ્ટના રોજ બપોરના આશરે બારેક વાગ્યાના સુમારે પોતાની પાંચ ભેંસોને લઈને ચરાવવા માટે ખેતરે જવા નીકળ્યા હતા. આ સમયે તેઓ જ્યારે પોતાના ઘરથી થોડે દૂર રોડ ઉપર આવેલી લાઈટની ડીપી પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેમની ગાભણ ભેંસ અચાનક વીજ પ્રવાહની ચપેટમાં આવી ગઈ હતી. વીજ કરંટ લાગવાના કારણે ભેંસ સ્થળ પર જ ઢળી પડી હતી અને તેનું મરણ થયું હતું.

---

#### કાલોલના મધવાસમા આવેલી રાજપુતાના સ્ટીલ કંપનીનો બનાવ

# સલામતીના સાધનોના અભાવે હેલોજન લાઈટ માથા પર પડતા કામદારનું મોત

(પ્રતિનિધી) કાલોલ, તા.13
કાલોલ તાલુકાના મધવાસ ખાતે આવેલી રાજપુતાના સ્ટીલ પ્રા.લી. કંપનીમાં સુરક્ષા અને સલામતીના સાધનોનો ઘોર અભાવ હોવાની ગંભીર બાબત સામે આવી છે. કંપનીમાં કામ કરતા શ્રમિકોના જીવ જોખમમાં મૂકાયા હોય તેવી સ્થિતિ વચ્ચે માથા પર હેલોજન લાઈટ પડતાં એક શ્રમિકનું ગંભીર ઈજાઓ થવાના કારણે સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. મળતી વિગતો અનુસાર, મૂળ ઝારખંડના બક્ચંબા તા.રાજપુર ચતરા જિલ્લાના અને હાલ રાજપુતાના સ્ટીલ કંપનીની કોલોની (મધવાસ) ખાતે રહેતા ખિરોધર ગણેશ પ્રજાપતિ (ઉં.વ. ૫૬) કંપનીમાં કામ કરી રહ્યા હતા. તે દરમિયાન કંપનીમાં ઉપર લગાવેલ એક હેલોજન




લાઈટ અચાનક શ્રમિકના માથા પર આવી પડી હતી. શ્રમિકે માથામાં સલામતી માટેનું હેલ્મેટ પહેરેલ ન હોવાથી તેમને માથાના ભાગે અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારબાદ તેઓને તાત્કાલિક સારવાર અર્થે વડોદરા ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું કમનસીબ મોત નીપજ્યું હતું. સ્થાનિક વર્તુળોમાં ચર્ચાતી વિગતો મુજબ, આ કંપનીમાં સલામતીના સાધનો (Safety Gear)નો મોટો અભાવ જોવા મળે છે, જેના કારણે અહીં કામ કરતા કર્મચારીઓના જીવ સતત જોખમમાં રહે છે. અગાઉ પણ સેફ્ટી સાધનોની ઉણપને કારણે બે કર્મચારીઓ ગંભીર રીતે દાઝી જવાથી મરણ પામ્યા હોવાના અહેવાલો સામે આવ્યા હતા. વારંવાર બનતી આવી ઘટનાઓને પગલે કંપની તંત્રની બેદરકારી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ઘટના અંગે સંદીપકુમાર રામસેવક ઠાકુર દ્વારા કાલોલ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસે અકસ્માતે મોત BNSS કલમ-૧૭૪ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

#### જાગૃત નાગરિકે સમગ્ર ઘટનાનો વિડીયો ઉતારતાં ટ્રક ચાલકે આપી ધમકી

# ઝાલોદમાં સરકારી અનાજની કાળાબજારીનો પર્દાફાશ થયો

(પ્રતિનિધી) દાહોદ, તા.13
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં ગરીબો માટે આવતા સરકારી અનાજના પુરવઠામાં મોટાપાયે ગેરરીતિ અને કાળાબજારીનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સરકારી ગોડાઉનમાં ખાલી કરવા માટે નીકળેલી અનાજ ભરેલી ટ્રક ગોડાઉને પહોંચે તે પહેલાં જ હાઈવે પર બારોબાર અનાજ સગેવગે કરવાનો ખેલ ખેલાઈ રહ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, ઝાલોદ હાઈવે પર સરકારી અનાજ ભરેલી ટ્રક (નંબર F 106TT 18/0) માંથી રિક્ષામાં અનાજનો જથ્થો ભરીને



ગેરકાયદેસર રીતે લઈ જવામાં આવી રહ્યો હતો. આ સમગ્ર કાળાબજારી અને ગેરરીતિનો ખેલ એક જાગૃત નાગરિકે મોબાઈલ મા કેચઅપ કર્યો હતો ગોડાઉનમાં ખાલી કરવાના બદલે હાઈવે પર જ ટ્રકમાંથી બારોબાર ચોખા-ઘઉં સગેવગે અનાજની કાળાબજારીનો વિડીયો ઉતરી જતાં પકડાઈ જવાના ડરે ટ્રક ચાલક સરકારી અનાજભરેલી ટ્રકને સીધી ઝાલોદ ખાતે આવેલા સરકારી ગોડાઉન તરફ લઈ ગયો હતો. આ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર ઝાલોદ પંથક અને પુરવઠા વિભાગમાં ભારે ખળભળાટ મચી ગયો છે. અનાજના કાળા બજારીયાઓ સામે કડક તપાસ હાથ ધરી જવાબદારો સામે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિકો અને જાગૃત નાગરિકો માંગ કરી રહ્યા છે. નાગરિકવિડીયો બનાવી રહ્યો હોવાનું ધ્યાને આવતાં જ ટ્રક ચાલકે ઉશ્કેરાઈને ગંભીર પરિણામો ભોગવવાની ધમકી આપી હતી.

---

### કાલોલના કાતોલ ગામમાં ઘરના આંગણામાંથી રૂ. ૩૦,૦૦૦ની બાઈક ચોરાઈ

(પ્રતિનિધી) કાલોલ, તા.20
પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના કાતોલ ગામની આશીર્વાદ રેસીડેન્સીમાં રહેતા અને મેરીનો ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડમાં નોકરી કરતા જયેશકુમાર રયજીભાઈ વણકર ગત તારીખ ૦૬/૦૮/૨૦૨૬ના રોજ સાંજે આશરે ૮:૦૦ વાગ્યે તેમની હિરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ (નંબરઃ GJ-17-CD-9969) ઘરના આંગણામાં સ્ટેયરીંગ લોક કરીને સુઈ ગયા હતા. બીજા દિવસે સવારે ૬:૩૦ વાગ્યે જાગીને જોતાં બાઈક મળી આવી નહોતી. જેથી આ અંગે ભોગ બનનાર જયેશકુમારે કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ચોરની શોધખોળ હાથ ધરી છે.

---

#### લીમડી તાલુકાના સરપંચોએ આવેદન આપ્યું

# ભૌગોલિક સ્થિતિને અનુરૂપ ગાઈડ લાઈનમાં ફેરફાર કરવા માગ

(પ્રતિનિધી) દાહોદ, તા.13
લીમડી તાલુકા વિકાસ અધિકારી દ્વારા ૧૬મા નાણાપંચના પ્રથમ હપ્તાના આયોજન બાબતે ટાઈડ અને અનટાઈડ બંને પાર્ટમાં ફિક્સ વિષયો અને નાણાકીય મર્યાદાના કામો કરવા અંગેની માર્ગદર્શિકા આપવામાં આવી છે, જેમાં સીસી રોડનું કામ માત્ર ૧૦ ટકા જ મર્યાદિત રાખવાનું જણાવાયું છે. આ અંગે સરપંચોએ રજૂઆત કરી છે કે દાહોદ જિલ્લો એક ટ્રાઈબલ જિલ્લો હોવાથી અન્ય જિલ્લાઓની જેમ સામૂહિક વસાહતોને બદલે ઘરો ખૂબ જ છૂટાં છવાયાં આવેલાં છે અને ભૌગોલિક સ્થિતિ તદન અલગ છે. વસ્તી છૂટ હોવાને કારણે ગામોનો એરિયા ખૂબ જ મોટો અને



લાંબો છે,જ્યાં ગટર લાઈનનું કામ મર્યાદિત કે નહિવત હોય છે અને દરેક વસાહત મુખ્ય માર્ગ સાથે જોડવા માટે સીસી રસ્તાઓનું કામ અતિ આવશ્યક બને છે. શેડના કામો ટી.એસ.પી. ટ્રાઈબલ દ્વારા શાળાઓમાં પહેલેથી જ અપાતા હોય છે અનેવિસ્તારમાં ભૂગર્ભ જળસ્તર નીચા હોવાથી હેન્ડપમ્પન સફળતા માત્ર ૨૦ ટકા જ રહે છે. ફિક્સ ગાઈડ લાઈનમાં ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને છૂટ આપવામ આવે તેવી માંગ કરી છે.

---

# દાહોદ નગરમાં રોગચાળો ન ફેલાય તે માટે સ્વચ્છતા આભયાન હાથ ધરાયુ

(પ્રતિનિધી) દાહોદ, તા.13
દાહોદ શહેરની એક સેવા ભાવિ સંસ્થા દ્વારા શહેરના દર્પણ રોડ પર એલડી હોસ્પિટલની ગલીમાં હાથ ધરવામાં આવેલ સફાઈ અભિયાનમાં દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસર, પાલિકા મહિલા પ્રમુખ તેમજ કેટલાક કાઉન્સિલર સહિત શહેરીજનો જોડાયા હતા. આજે સવારે હાથ ધરાયેલ આ સફાઈ અભિયાનમાં વરસાદને કારણે થયેલ કાદવ કિચડ તેમજ કચરો વગેરે સાફ કરવામાં આવ્યા હતા. આવા સફાઈ અભિયાન માત્ર ગણતરીના દિવસો પૂરતા સીમિત ન રહી સતત ચાલતું રહે તેવી નગરજનોની લાગણી અને માગણી છે. દાહોદ શહેરના વોર્ડ નંબર-૩ માં આવેલ દર્પણ સિનેમા રોડ પર એલડી હોસ્પિટલની સામે આવેલ નગર પાલિકાના એક શોપિંગ સેન્ટરના ગ્રાઉન્ડ ફ્લોરમાં બનાવેલ દુકાનો તથા લોબીમાં ચોમાસાના પાણી ભરાઈ જાય છે. પરંતુ તે પાણીના નિકાલ માટે કોઈ ચોક્કસ અલાયદી સુવિધા ન હોવાને કારણે પાણી વધુ સમય સુધી ભરાયેલું રહેતા આ શોપિંગ સેન્ટર મચ્છરનું ઉદ્ભવ સ્થાન બની જતા મચ્છરનો ઉપદ્રવ આસપાસમાં આવેલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ માટે જોખમરૂપ સાબિત થઈ રહ્યો છે જેના માટે સ્વચ્છતા અભિયાન યોજાયુ હતુ.

---

#### સમરસ વિદ્યા સેતુ અભિયાનનો શુભારંભ

# નવી વસાહત ગુસર પ્રાથમિક શાળાના નવનિર્મિત ૧૧ ઓરડાઓનું લોકાર્પણ

(પ્રતિનિધી) ગોધરા, તા.13
ગોધરા તાલુકાની નવી વસાહત ગુસર પ્રાથમિક શાળાના રૂ.૧.૩૨ કરોડના ખર્ચે નવનિર્મિત મકાનના ૧૧ ઓરડાઓનો લોકાર્પણ સમારોહ પણ પ્રભારી મંત્રીશ્રી રમેશભાઈ બી. કટારાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. અધ્યક્ષપદેથી પ્રાસંગિક પ્રવચન આપતાં પ્રભારી મંત્રી રમેશભાઈ કટારાએ શિક્ષણના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ અને શ્રેષ્ઠ મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. તેમણે નવનિર્મિત ઓરડાઓ



માટે ગ્રામજનો અને શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. ઉદ્બોધન બાદ મહાનુભાવો દ્વારા ૧૧ ઓરડાઓના લોકાર્પણની તકતીનું અનાવરણ કરી શાળાના નવનિર્મિત મકાનની મુલાકાત લેવામાં આવી હતી. આ પ્રસંગે ગોધરા ધારાસભ્ય તથા જિલ્લા પંચાયત પ્રમુખ નીરજભાઈ પટેલે પણ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

---

# ગોધરાની કોલેજમાં નશા મુક્તિ અભિયાન અંતર્ગત બે દિવસીય કાર્યક્રમો યોજાયા

(પ્રતિનિધી) ગોધરા, તા.13
ગોધરાની જાણીતી શેઠ પીટી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ દ્વારા માહિતી અને પ્રસારણ વિભાગ અંતર્ગત આવતા ક્ષેત્રિય બ્યુરો ઓફિસ,ગોધરા દ્વારા NSS વિભાગ ના સહયોગથી બે દિવસ દરમિયાન વક્તૃત્વ સ્પર્ધા, નશામુક્તિ પર પોસ્ટર સ્પર્ધા જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ૧૧મી તારીખે સવારે કોલેજમાં એક્ઝિબિશન ખુલ્લુ મુકાયું હતું જેમાં નશા મુક્તિ ને લગતા વિવિધ પાસાઓ અને આયામો દર્શાવાયા હતા. લોક ડાયરા ના માધ્યમથી પણ ખાસ યુવા વિદ્યાર્થીઓને નશા



મુક્તિ અંગે માર્ગદર્શન અપાયું હતું. ક્ષેત્રીય બ્યુરો ઓફિસ ગોધરાના સંજયભાઈ શાહે ખાસ નશા મુક્તિ અભિયાન અંતર્ગત ભારત સરકાર દ્વારા થતી પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી હતી. કોલેજના આચાર્ય ડો એમ બી પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ખાસ આ કાર્યક્રમમાં વધુને વધુ જોડાવા અને વધુને વધુ લોકોને નશામુક્ત કરવાની પહેલમાં સામેલ થવા અપીલ કરાઈ હતી.